**આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીઆ ખાતે ચાલતી આદિવાસી મહીલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અતંગૅત સોયબીન અને નાગલીના મૂલ્યવર્ધન વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો**

---------------------------------------------------------------------

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીઆ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી મહીલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અતંગૅત તારીખ ૦૬/૦૭/૨૦૨૩ ના રોજ સોયબીન અને નાગલીના મૂલ્યવર્ધન વિષય ઉપર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. આ તાલીમ વર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે મહિલા ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. ડૉ.એકતા.એચ.પંડ્યા દ્વારા સોયબીન અને નાગલીના મૂલ્યવર્ધન ઉપર મહિલા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં આ તાલીમ અંતર્ગત નાગલી અને સોયબીનની જુદી જુદી બનાવટો જેવીકે રાગીનું ખીચું, રાગીના ઢોકળા, રાગીના ખાખરા, સોયબીન ખાખરા, રાગી સોયા લસણ ખાખરા અને રાગી ની પાપડી વગેરેનું પ્રયોગિકરૂપે બનાવીને માહિતગાર કરવામાં આવ્યા. જેમાં ભાગ લીધેલ મહિલા ખેડૂત તાલીમાર્થીઓને આકૃયુ, દેવગઢ બારીઆ દ્વારા વિનામુલ્યે પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યુ. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન ડૉ.એકતા.એચ.પંડ્યા અને યંગ પ્રોફેસનલ સપના મુનિયા  દ્વારા કરવામાં આવેલ જે થકી કુલ ૨૫ આમલી ગામની  મહિલા ખેડૂતોએ ભાગ લીધેલ.






